તા.૧૦.૦૯.૨૦૨૬

**લોકરક્ષક કેડર (2025-26): દસ્તાવેજ ચકાસણી દરમ્યાન ઉમેદવારે સાથે રાખવાના થતા દસ્તાવેજોનું ચેકલીસ્ટ**

(૧) લોકરક્ષક કેડર(2025-26)ની દસ્તાવેજ ચકાસણી માટે કવોલીફાઇડ થયેલ ઉમેદવારોની યાદી તા.૧૪.૦૮.૨૦૨૬ નારોજ ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવેલ છે. કવોલીફાઇડ થયેલ ઉમેદવારોની પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી તા.૩૦.૦૯.૨૦૨૬થી શરૂ થનાર છે. જે માટેના કોલલેટર તા.૨૪.૦૯.૨૦૨૬થી ડાઉનલોડ થઇ શકશે. જે કોલલેટર ઉમેદવારે સાથે રાખવાનો રહેશે.

(૨) ઉમેદવારોએ તેઓના અસલ પ્રમાણપત્રો તેમજ અસલ પ્રમાણપત્રોની સ્વપ્રમાણીત કરેલ એક એક નકલ નીચે જણાવેલ ક્રમ (A થી I) પ્રમાણે ગોઠવી અચુક સાથે લાવવાની રહેશે. આ તમામ પ્રમાણપત્રો તા.૨૩.૧૨.૨૦૨૫ સુધીમાં ઇસ્યુ થયેલ હોવા જોઇએ.

- **A. જન્મ તારીખના પુરાવા તરીકે એસ.એસ.સી. / એચ.એસ.સી.. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે શાળા છોડ્યાના પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ સ્પષ્ટ દર્શાવેલ હોય .**
- **B. ધોરણ-૧૨ અથવા તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્ર તથા ગુણપત્રકના પ્રમાણપત્ર**
- **C. અનામત જાતિ માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા અપાયેલ જાતિ અંગેના પ્રમાણપત્ર.**
- **D. નિયત કરેલ નમુના મુજબનું એન.સી.સી. “સી” સર્ટીફીકેટ.**
- **E. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સીટી / રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સીટી અથવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર.**
- **F. રમત-ગમત પ્રમાણપત્ર ધરાવતા રમતવીરોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫.૦૨.૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨ તથા તા.૦૧.૦૮.૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪- ગ-૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર દસ્તાવેજ ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમત-ગમતના વિશેષ ગુણ માટે હકદાર થશે. આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને રમતવીર તરીકેના લાભ મળવાપાત્ર થશે નહીં.**
- **G. વિધવા મહિલા ઉમેદવારોએ પોતાના પતિના અવસાન થયેલાનું પ્રમાણપત્ર તેમજ પુન: લગ્ન કરેલ નથી તેનું બાંહેધરી પત્ર.**
- **H. માજી સૈનિકના કિસ્સામાં આર્મી/નેવી/એરફોર્સના સક્ષમ સત્તાધિકારી દ્વારા અપાયેલ ડિસ્ચાર્જ પ્રમાણપત્ર તથા ઓળખપત્ર.**
- **I. ઉમેદવારે પોતાની ઓળખ માટે જો આધાર કાર્ડ હોય તો તે દસ્તાવેજ ચકાસણી દરમ્યાન અવશ્ય સાથે અસલમાં લાવવાનુ રહેશે. જો આધાર કાર્ડ ન હોય તો અન્ય કોઇપણ પૂરાવો જેવો કે, ડ્રાઇવીંગ લાઇસન્સ,પાન કાર્ડ, ચુંટણી કાર્ડ વિગેરે અસલમાં પોતાની સાથે દસ્તાવેજ ચકાસણી દરમ્યાન અવશ્ય સાથે લાવવાના રહેશે.**

(૩) દસ્તાવેજ ચકાસણીમાં હાજર રહેનાર તમામ ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી સમયે ANNEXURE-3 ફોર્મ ભરીને લાવવાનું રહેશે. **જે** ફોર્મ ડાઉનલોડ કરવા માટે **અહીં કલીક કરો.....**

(૪) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ (SEBC), અનુસુચિત જાતિ (SC) અને અનુસુચિત જન જાતિ (ST) ના ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાનું નિયમોનુસારનું ફોર્મ ભરીને (જરૂરી દસ્તાવેજો સાથે) અવશ્ય લાવવાનું રહેશે. ફોર્મની વિગત નીચે મુજબ છે.

- ❖ SEBC ANNEXURE ડાઉનલોડ કરવા માટે **અહીં કલીક કરો.....**
- ❖ SC ANNEXURE ડાઉનલોડ કરવા માટે **અહીં કલીક કરો.....**
- ❖ ST ANNEXURE ડાઉનલોડ કરવા માટે **અહીં કલીક કરો.....**

(૫) **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોઃ**

(A) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ /૨૦૨૩-૨૪ /૨૦૨૪-૨૫ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૭.૦૪.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ સસપ/૧૧૦૯/૪૬૬૩/અ થી રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ **પરિશિષ્ટ-૪** મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા.૦૧.૦૪.૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩.૧૨.૨૦૨૫** સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૮.૦૮.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઇઓને ધ્યાને લેતાં ઉકત ૫(A)માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧.૦૪.૨૦૨૫ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩.૧૨.૨૦૨૫** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમૂનામાં મેળવેલું હોય તવું પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

(C) ઉકત ૫(A) અથવા ૫(B) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળવાપાત્ર થશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગીરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગીરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(D) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

(૬) **આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોઃ**

(A) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫.૦૧.૨૦૧૯ અને તા.૧૩.૦૯.૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇથી નિયત થયેલ નમૂના Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ (ગુજરાતી)ના નમૂના **તા.૨૩.૧૨.૨૦૨૨ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩.૧૨.૨૦૨૫** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B) ઉકત ૬(A) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ની આવકના આધારે **તા.૦૧.૦૪.૨૦૨૫ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૩.૧૨.૨૦૨૫** સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલ હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(C) ઉકત ૬(A) અથવા ૬(B) જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના જે ઉમેદવારો આ બંન્ને પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયર્યાદામાં છૂટછાટનો લાભ મળવાપાત્ર થશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગીરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઇપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.